સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કામો અંગે તા.૨૦-૯-૨૦૦૦ના રોજ મા.એડમીનીસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો :-:

◆◆◆◆◆◆◆◆◆◆

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૮-૯-૨૦૦૦ ના પત્ર નં.સીસાસ/૧૧૯ થી વિદિત થઈ, નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૭/૨૦૦૦ થી નગર રચના યોજના નં.૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધિ સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં તા.૨૮-૧-૨૦૦૦ ના રોજ તેમજ સ્થાનિક દૈનિકપત્રો "ગુજરાત મિત્ર" તથા "નવ ગુજરાત ટાઇમ્સ" માં તા.૨૯-૧-૨૦૦૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ તથા તેના નિયમો-૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિતસંબંધ ધરાવનારાઓની દરખાસ્ત અંગેની સમજુતિ આપવા એક સભા સુરત મહાનગરપાલિકાના "ગાંધીખંડ" માં તા.૧૯-૫-૨૦૦૦ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે રાખવામાં આવેલ અને હાજર રહેલા તમામને દરખાસ્ત અંગેની સમજૂતિ આપવામાં આવી હતી તથા દરખાસ્ત અંગે યોગ્ય સૂચનો કે વાંધાઓ તથા જરૂરી માહિતી રજૂ કરવા જણાવવામાં આવેલ. આવેલ વાંધા/સૂચનોનો અભ્યાસ કરી ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરી આવેલ વાંધા/સૂચનોને ધ્યાને લઈ મૂળ દરખાસ્તમાં જરૂરી સુધારા/વધારા કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૪ (જહાંગીરાબાદ) તૈયાર કરવામાં આવેલ છે. આ સ્કીમ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના જમીન માલિકો/હિતસંબંધ ધરાવનારી વ્યકિતઓ પાસેથી વાંધા/સૂચનો મેળવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૪૨(૧) તથા કલમ-૪૭ મુજબની કાર્યવાહી કરવાની રહે છે તથા આ યોજનાની દરખાસ્તથી અસર પામતી કોઈપણ વ્યકિતઓ યોજના સંબંધમાં કોઈપણ લેખિત